સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

ICE CURRENT NEWS WEEK 47નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.


**સંપાદક**

મૌલિક ગોંધિયા

(Director - ICE)


[NOV-2019]

[17/11 to 23/11]

# WEEK-47

## CURRENT TOPIC

- અગ્નિ-2 મિસાઈલનું સૌપ્રથમ વખત રાત્રે સફળ પરીક્ષણ
- ભારતની સુપ્રીમ કોર્ટના 47મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી એસ. એ. બોબડેના શપથ
- IMD World Talent Ranking 2019માં ભારત 59મા ક્રમે
- 50મા International Film Festival of India (IFFI) 2019નો ગોવામાં પ્રારંભ
- સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર 2019
- 5 CPSEsના ડિસઈન્વેસ્ટમેન્ટની કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

17 NOVEMBER, 2019 SUNDAY

## ➤ દિવસ મહિમા : વિશ્વ અકસ્માત દિવસ

યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે **નવેમ્બર મહિનાના ત્રીજા રવિવારે 'The World Day of Remembrance for Road Traffic Victims'**ની એટલે કે **'માર્ગ અકસ્માતનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.




- તેને **'વિશ્વ અકસ્માત દિવસ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ **2019**માં **17 નવેમ્બર**ના રોજ 'વિશ્વ અકસ્માત દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ **2019**ની 'વિશ્વ અકસ્માત દિવસ'ની થીમ **'Life is not a Car Part' (જીવન એ કારનો ભાગ નથી)** હતી.

## ➤ અગ્નિ-2 મિસાઈલનું સૌપ્રથમ વખત રાત્રે સફળ પરીક્ષણ

16 નવેમ્બર, 2019ના રોજ ભારતે **અગ્નિ-2** મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે.

- અગ્નિ-2 મિસાઈલના આ અગાઉ પણ પરીક્ષણ થયા છે. પરંતુ **અગ્નિ-2** મિસાઈલનું **રાત્રે પરીક્ષણ** થયું હોય તેવી આ **પ્રથમ ઘટના** છે.
- ભારતમાં **ઓડિશા**ના **ચાંદીપુર** ખાતે આવેલા **અબ્દુલ કલામ આઈલેન્ડ (જૂનું નામ : વ્હિલર આઈલેન્ડ)** પરથી આ સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- અગ્નિ-2 એ **જમીન પરથી જમીન પર (Surface to Surface)** વાર કરતી **પરમાણુ સક્ષમ મીડિયમ રેન્જની બેલિસ્ટિક મિસાઈલ** છે.
- તેની મારક ક્ષમતા **2000 કિમી** સુધીની છે.
- તે **1000 કિલો** સુધીના પરમાણુ શસ્ત્રોને 2000 કિમી સુધી લઈ જઈ શકે છે.
- જરૂર પડ્યે તેની પ્રહાર ક્ષમતા **2000** કિમીથી વધારીને **3000 કે 3500 કિમી** સુધી કરી શકાય છે.
- આ મિસાઈલ ચીન, મોંગોલિયા અને ઈરાન સુધી હુમલો કરી શકે છે.
- અને તે **રાત્રે** પણ અચૂક નિશાન સાધી શકે છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારતના પાટનગરોમાં નળમાંથી આવતા પાણીની શુદ્ધતામાં મુંબઈ પ્રથમ અને દિલ્હી છેલ્લા ક્રમે



કેન્દ્રીય ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રી **શ્રી રામ વિલાસ પાસવાને** દિલ્હી અને ભારત રાજ્યોના પાટનગર માટે **બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ** દ્વારા તૈયાર કરવામાં આવેલો પાણીની ગુણવત્તા અંગેનો એક રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો છે.

- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના **'જળ જીવન અભિયાન'** અંતર્ગત વર્ષ **2024** સુધીમાં ભારતના દરેક ઘરોમાં નળ દ્વારા પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- આથી, આ અભિયાનમાં મદદ થઈ શકે તે માટે **પહેલા ચરણ**માં **દિલ્હી**માંથી અને **બીજા ચરણ**માં ભારતના વિવિધ **20** રાજ્યોના પાટનગરમાંથી નળ દ્વારા પહોંચાડવામાં આવતા પાણીના જુદા-જુદા નમૂના એકત્ર કરવામાં આવ્યા હતા.
- અને તેનું ઈન્ડિયન સ્ટાન્ડર્ડ **10500 : 2012** અનુસાર પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- આ પરીક્ષણ અંતર્ગત **મુંબઈ**માંથી એકત્ર કરવામાં આવેલા પાણીના તમામ **10** નમૂના પાણીની ગુણવત્તા અંગેના તમામ માપદંડમાં પાસ થઈ ગયા છે.
- આથી, **મુંબઈ** આ રેન્કિંગમાં **પ્રથમ** ક્રમે છે.
- જ્યારે, ભારતની રાજધાની **દિલ્હી**માંથી એકત્ર કરવામાં આવેલા પાણીના તમામ **11** નમૂના **19** માપદંડમાં ફેલ થયા છે.
- પરિણામે, **દિલ્હી** આ યાદીમાં અંતિમ ક્રમે છે. એટલે કે ભારતના રાજ્યોના પાટનગર અને રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાંથી ભારતમાં નળમાંથી આવતું સૌથી વધુ અસ્વચ્છ પાણી **દિલ્હીનું** છે.
- જ્યારે **ગુજરાતનું ગાંધીનગર** આ યાદીમાં **ગુવાહાટી અને બેંગાલુરુ** સાથે સંયુક્ત રીતે **10મા** ક્રમે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શુદ્ધ પાણીની દૃષ્ટિએ ભારતના પાટનગરોનો ક્રમ

| Categorization | Capital | No. of Samples failing | No. of Individual Parameters in which samples failing |
|---|---|---|---|
| 1 | મુંબઈ | 0/10 | 0 |
| 2 | હૈદરાબાદ, ભૂવનેશ્વર | 1/10 | 1 |
| 3 | રાંચી | 1/10 | 4 |
| 4 | રાયપુર | 5/10 | 3 |
| 5 | અમરાવતી | 6/10 | 7 |
| 6 | શિમલા | 9/10 | 1 |
| 7 | ચંદિગઢ | 10/10 | 2 |
| 8 | તિરુવનંતપુરમ | 10/10 | 3 |
| 9 | પટના, ભોપાલ | 10/10 | 4 |
| 10 | ગુવાહાટી, બેંગાલુરુ, ગાંધીનગર | 10/10 | 5 |

| | | | |
|---|---|---|---|
| 11 | લખનૌ, જમ્મુ | 10/10 | 6 |
| 12 | જયપુર, દેહરાદૂન | 10/10 | 7 |
| 13 | ચેન્નાઈ | 10/10 | 9 |
| 14 | કોલકાતા | 9/9 | 10 |
| 15 | દિલ્હી | 11/11 | 19 |

**નોંધ :** આ રિપોર્ટના ત્રીજા ચરણમાં પૂર્વોત્તર ભારતના રાજ્યોના પાટનગર, ભારતના સ્માર્ટ શહેરો અને દેશના તમામ જિલ્લા મથકોના પાણીની ચકાસણી કરીને તેનું રેન્કિંગ પ્રસિદ્ધ કરવામાં આવશે.

## ICE ? Questions

1. 'વિશ્વ અકસ્માત દિવસ' અથવા તો 'માર્ગ અકસ્માતનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
   (A) 15 નવેમ્બર (B) નવેમ્બર માસનો બીજો રવિવાર
   (C) 17 નવેમ્બર (D) નવેમ્બર માસનો ત્રીજો રવિવાર — **(D)**

2. વર્ષ 2019ના 'વિશ્વ અકસ્માત દિવસ'ની થીમ અથવા તો સ્લોગન શું છે ?
   (A) Life is a family Part (B) Life is not a Vehicle Part
   (C) Life is not a Car Part (D) ત્રણમાંથી કોઈ નહિ — **(C)**

3. 16 નવેમ્બર, 2019ના રોજ ભારતે નીચેનામાંથી કઈ મિસાઈલનું સૌપ્રથમ વખત રાત્રે પરીક્ષણ કર્યું હતું ?
   (A) અગ્નિ-1 (B) અગ્નિ-2 (C) અગ્નિ-3 (D) અગ્નિ-4 — **(B)**

4. 16 નવેમ્બર, 2019ના રોજ ભારતે અગ્નિ-2 મિસાઈલનું સૌપ્રથમ વખત રાત્રે ક્યાંથી સફળ પરીક્ષણ કર્યું હતું?
   (A) આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે આવેલ ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ પરથી
   (B) આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલ સતીશ ધવન સ્પેશ સેન્ટરના લોન્ચ પેડ પરથી
   (C) ઓડિશાના ચાંદીપુર ખાતે બંગાળની ખાડીમાં આવેલા અબ્દુલ કલામ આઈલેન્ડ પરના ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ પરથી
   (D) ત્રણમાંથી કોઈ નહિ — **(C)**

5. 'અગ્નિ-2' મિસાઈલના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તે એક મીડિયમ રેન્જની બેલિસ્ટિક મિસાઈલ છે.
   2. તેની પ્રહાર ક્ષમતા 2000 કિમી સુધીની છે. જેને વધારીને 3000 કે 3500 કિમી સુધી કરી શકાય છે.
   3. તે પરમાણુ શસ્ત્રોનું વહન કરી શકે છે.
   4. તે જમીન પરથી જમીન પર (Surface to Surface) વાર કરતી મિસાઈલ છે.
   (A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 3 — **(A)**

6. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલા નળમાંથી અપાતા પાણીની ગુણવત્તા અંગેના રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ઉપરાંત ભારતના 20 રાજ્યોના પાટનગરના રિપોર્ટમાં ભારતના કુલ 21 શહેરોમાંથી કયું શહેર પ્રથમ ક્રમે છે ?
   (A) મુંબઈ (B) શિમલા (C) રાંચી (D) ભૂવનેશ્વર — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

7. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલા નળમાંથી અપાતા પાણીની ગુણવત્તા અંગેના રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ઉપરાંત ભારતના 20 રાજ્યોના પાટનગરના રિપોર્ટમાં ભારતના કુલ 21 શહેરોમાંથી કયું શહેર અંતિમ ક્રમે છે ?

(A) કોલકાતા (B) ચેન્નાઈ (C) દિલ્હી (D) લખનૌ — **(C)**

8. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલા નળમાંથી અપાતા પાણીની ગુણવત્તા અંગેના રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ઉપરાંત ભારતના 20 રાજ્યોના પાટનગરના રિપોર્ટમાં ભારતના કુલ 21 શહેરોમાંથી કયા બે શહેરો અંતિમ ક્રમે છે ?

(A) દિલ્હી અને ચેન્નાઈ (B) દિલ્હી અને કોલકાતા (C) દિલ્હી અને લખનૌ (D) દિલ્હી અને જયપુર — **(B)**

9. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલા નળમાંથી અપાતા પાણીની ગુણવત્તા અંગેના રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ઉપરાંત ભારતના 20 રાજ્યોના પાટનગરના રિપોર્ટમાં ભારતના કુલ 21 શહેરોમાંથી ગુવાહાટી અને બેંગાલુરુ સાથે સંયુક્ત રીતે ગુજરાત કયા ક્રમે છે ?

(A) 8મા (B) 9મા (C) 10મા (D) 12મા — **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

બુલંદ ઈરાદાઓ અને અખંડ તપશ્ચર્યાને સાબિત કરવાનો સમય...

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી થયેલા GPSC ક્લાસ 1/2 માટેના MOCK TEST પેપરની ફળદાયી સફળતા બાદ ICE દ્વારા હવે DY.SOની પ્રિલિમ્સ પરીક્ષા માટે અત્યંત ઉપયોગી MOCK TEST પેપરનો પ્રારંભ

ફ્રી MOCK TEST

OPEN TO ALL

Dy.so

નાયબ મામલતદાર

દરેક પેપરના 200 માર્ક્સ અને 2 કલાક

02 DEC-19

03 DEC-19

04 DEC-19

05 DEC-19

સામાન્ય અભ્યાસ (સંપૂર્ણ સિલેબસ)

રજિસ્ટ્રેશન ફરજિયાત

Time : 7 to 9pm

રાજકોટ 9375701110 | અમદાવાદ 84695-01110 | જૂનાગઢ 76985-01110 | ગાંધીનગર 81406-01110

**18 NOVEMBER, 2019 MONDAY**

## ➢ ભારતમાં ત્રણ વીમા કંપનીઓના વિલય અંગે સરકારની વિચારણા

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતની **ત્રણ વીમા કંપનીઓ**ના વિલિનીકરણ અંગેની વિચારણા કરવામાં આવી રહી છે.

- આ ત્રણ વીમા કંપનીઓમાં –

(1) **National Insurance Company Limited (NICL)**

(2) **United India Insurance Company Limited (UIICL)**

(3) **The Oriental Insurance Company Limited (OICL)**

- આ કંપનીઓની નાજૂક આર્થિક સ્થિતિને કારણે તેની પ્રગતિ અશક્ય છે.
- આથી, આ કંપનીઓના વહીવટમાં સુધારો કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા તેના વિલિનીકરણની વિચારણા હાથ ધરવામાં આવી છે.

## ➢ શ્રી ગોતાબાયા રાજપક્સે શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ ચૂંટાયા



તાજેતરમાં 16 નવેમ્બર, 2019ના રોજ **શ્રીલંકા**માં યોજાયેલી રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણીમાં **શ્રી ગોતાબાયા રાજપક્સે** શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે.

- શ્રી ગોતાબાયા રાજપક્સેના પક્ષનું નામ **'શ્રીલંકા પીપલ્સ ફ્રન્ટ'** છે. સામાન્ય રીતે તેને **'શ્રીલંકા પોડુજાના પેરામુના' (SLPP)** તરીકે ઓળખવામાં આવે છે.
- શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ તરીકે શ્રી ગોતાબાયા રાજપક્સે શ્રીલંકાના વર્તમાન રાષ્ટ્રપતિ **શ્રી મૈત્રિપાલા સિરિસેના**નું સ્થાન લેશે.
- **શ્રી મૈત્રિપાલા સિરિસેના**ના પક્ષનું નામ **'શ્રીલંકા ફ્રીડમ પાર્ટી'** છે.
- **શ્રી મૈત્રિપાલા સિરિસેના** તાજેતરમાં શ્રીલંકામાં યોજાયેલી રાષ્ટ્રપતિ પદની ચૂંટણી લડ્યા ન હતા. આથી **યુનાઈટેડ નેશનલ ફ્રન્ટ**ના **શ્રી સાજીત પ્રેમદાસા** અને **નેશનલ પીપલ્સ પાવર**ના ગઠબંધનના ઉમેદવાર **શ્રી અનુરા કુમારા**ને પરાજય આપીને **શ્રી ગોતાબાયા રાજપક્સે** આ ચૂંટણી જીતી લીધી છે.

**નોંધ :** શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ શ્રી ગોતાબાયા રાજપક્સેનું વલણ **ચીન** તરફી હોવાનું કહેવાય છે.

## ICE ? Questions

1. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલી વીમા કંપનીઓના વિલય અંગેની વિચારણા હાથ ધરવામાં આવી છે ?
   (A) બે  (B) ત્રણ  (C) ચાર  (D) પાંચ  **(B)**

2. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ વીમા કંપનીઓના વિલય અંગેની વિચારણા હાથ ધરવામાં આવી છે...આ ત્રણ વીમા કંપનીઓમાં નીચેનામાંથી કઈ કંપનીનો સમાવેશ થતો નથી ?
   (A) જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (GICI)
   (B) નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ (NICL)
   (C) યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ (UIICL)
   (D) ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ (OICL)  **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EX

3. 16 નવેમ્બર, 2019ના રોજ શ્રીલંકામાં યોજાયેલ ચૂંટણીમાં શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ તરીકે કોણ ચૂંટાઈ આવ્યું છે ?

(A) શ્રી મૈત્રિપાલા સિરિસેના
(B) શ્રી સાજીત પ્રેમાદાસા
(C) શ્રી અનુરા કુમારા
(D) શ્રી ગોતાબાયા રાજપક્સે

**(D)**

4. શ્રી ગોતાબાયા રાજપક્સે તાજેતરમાં શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે...તેમના પક્ષનું નામ શું છે ?

(A) શ્રીલંકા પેડુજાના પેરામુના (SLPP) અથવા શ્રીલંકા પીપલ્સ ફ્રન્ટ
(B) શ્રીલંકા પેડુજાના પેરામુના (SLPP) અથવા શ્રીલંકા ફ્રીડમ પાર્ટી
(C) શ્રીલંકા પેડુજાના પેરામુના (SLPP) અથવા શ્રીલંકા નેશનલ પાર્ટી
(D) શ્રીલંકા પેડુજાના પેરામુના (SLPP) અથવા શ્રીલંકા યુનાઈટેડ ફ્રન્ટ

**(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 19 NOVEMBER, 2019 TUESDAY

➤ **દિવસ મહિમા : 19 નવેમ્બર** (1) શ્રીમતી ઈન્દીરા ગાંધી જન્મદિન
(2) વિશ્વ શૌચાલય દિવસ (World Toilet Day)
(3) International Men's Day

### વિશ્વ શૌચાલય દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **19 નવેમ્બર**ના રોજ **'વિશ્વ શૌચાલય દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- **'World Toilet Organization'** દ્વારા સૌપ્રથમ **2001**થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- **સંયુક્ત રાષ્ટ્ર** દ્વારા વર્ષ **2012-13**માં તેને માન્યતા આપવામાં આવી છે.
- વર્ષ **2019**ની 'વિશ્વ શૌચાલય દિવસ'ની થીમ **'Leaving No one Behind'** છે.

### શ્રીમતી ઈન્દીરા ગાંધી જન્મદિન

ભારતમાં દર વર્ષે **19 નવેમ્બર**ના રોજ લોખંડી મહિલા અને ભારતના એક માત્ર મહિલા વડાપ્રધાન **શ્રીમતી ઈન્દીરા ગાંધી**ની જન્મજયંતી ઉજવાય છે.

- 19 નવેમ્બર-1917ના રોજ ઉત્તરપ્રદેશના **અલાહાબાદ** ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ભારતના પહેલા અને આજ દિન (19 નવેમ્બર, 2019) સુધીના એકમાત્ર મહિલા વડાપ્રધાન હતા.
- તેઓ સૌપ્રથમ 1966માં શ્રી લાલ બહાદુર શાસ્ત્રીના નિધન બાદ ભારતના વડાપ્રધાન બન્યા હતા.
- **જુલાઈ 1969**માં તેમણે **14** બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું.
- **1971**માં પૂર્વ પાકિસ્તાનથી ભારતમાં આવેલા શરણાર્થીઓની સમસ્યાના ઉકેલ માટે પાકિસ્તાન સાથે યુદ્ધ કર્યું અને સ્વતંત્ર **બાંગ્લાદેશ**નો જન્મ થયો.
- અણુબોમ્બ બનાવવા માટે **1967**માં **નેશનલ ન્યુક્લિઅર પ્રોગ્રામ** શરૂ કર્યો અને **1974**માં **'સ્માઈલિંગ બુદ્ધા (હસતાં બુદ્ધ)'**ના સાંકેતિક નામથી **રાજસ્થાન**ના રણ વિસ્તારમાં આવેલા **પોખરણ** ગામ નજીક પ્રથમ વખત સફળ અણુપરીક્ષણ કર્યું.
- 1971ની ચૂંટણીમાં **'ગરીબી હટાવો'**નું સૂત્ર આપ્યું.
- શ્રીમતી ઈન્દિરા ગાંધીની ભલામણથી **કલમ 352**ની જોગવાઈ અનુસાર તત્કાલીન રાષ્ટ્રપતિ **શ્રી ફકરુદ્દીન અલી અહેમદે 26 જૂન, 1975**ના રોજ ભારતમાં **'આંતરિક અવ્યવસ્થા'**ને લઈને **'કટોકટી'**ની સ્થિતિ જાહેર કરી.
- **જૂન 1984**માં **પંજાબ**ના **અમૃતસર**માં **સુવર્ણ મંદિર**માં છૂપાયેલા અને અલગ ખાલિસ્તાનની માગ કરી રહેલા એક જૂથના સફાયા માટે **'ઓપરેશન બ્લ્યુ સ્ટાર'** હાથ ધર્યું અને અમૃતસરના સુવર્ણ મંદિર સંકુલમાં લશ્કરી કાર્યવાહી કરી.
- 31 ઓક્ટોબર, 1984ના રોજ નવી દિલ્હી ખાતે તેમના જ અંગરક્ષકો દ્વારા શ્રીમતી ઈન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવી.
- દિલ્હીમાં રાજઘાટ પાસે આવેલું શ્રીમતી ઈન્દિરા ગાંધીનું સમાધિ સ્થળ **'શક્તિ સ્થળ'** તરીકે ઓળખાય છે.
- શ્રીમતી ઈન્દિરા ગાંધીનું ઉપનામ **'પ્રિયદર્શિની'** હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિલ્હી ખાતે આવેલા વિવિધ મહાનુભાવોના સમાધિ સ્થળો

| ક્રમ | નામ | સ્મારક | મિનિંગ |
|---|---|---|---|
| 1 | શ્રી મહાત્મા ગાંધીજી | રાજઘાટ | રોયલ સ્ટેપ્સ |
| 2 | શ્રી જવાહરલાલ નહેરુ | શાંતિવન | ગાર્ડન ઓફ પીસ |
| 3 | શ્રી લાલ બહાદુર શાસ્ત્રી | વિજય ઘાટ | વિક્ટ્રી પ્લેટફોર્મ |
| 4 | શ્રીમતી ઈન્દિરા ગાંધી | શક્તિ ઘાટ | પ્લેસ ઓફ પાવર |
| 5 | શ્રી જગજીવન રામ | સમતા સ્થળ | પ્લેસ ઓફ ઈક્વાલિટી |
| 6 | શ્રી ચૌધરી ચરણસિંહ | કિસાન ઘાટ | ફાર્મર્સ પ્લેટફોર્મ |
| 7 | શ્રી રાજીવ ગાંધી | વીર ભૂમિ | લેન્ડ ઓફ બ્રેવ |
| 8 | શ્રી જ્ઞાની ઝૈલસિંહ | એકતા સ્થળ | પ્લેસ ઓફ યુનિટી |
| 9 | શ્રી શંકર દયાલ શર્મા | કર્મ ભૂમિ | લેન્ડ ઓફ ડયુટી |
| 10 | શ્રી આઈ. કે. ગુજરાલ | સ્મૃતિ સ્થળ | પ્લેસ ઓફ રીમેમ્બરન્સ |
| 11 | શ્રી ચન્દ્રકાન્ત શેખર | જનનાયક સ્થળ | પ્લેસ ઓફ પિપલ્સ લીડર |
| 12 | શ્રી દેવીલાલ | સંઘર્ષ સ્થળ | પ્લેસ ઓફ સ્ટ્રગલ |
| 13 | શ્રી કિશનકાંત | નિગમબોધ ઘાટ | – |
| 14 | શ્રી પી. વી. નરસિંહ રાવ | પી. વી. ઘાટ | – |
| 15 | શ્રી અટલ બિહારી વાજપેઈ | સદૈવ અટલ | – |

## દિલ્હી સિવાય ભારતના અન્ય સ્થળોએ આવેલા વિવિધ મહાનુભાવોના સમાધિ સ્થળો

| ક્રમ | નામ | સ્મારક | સ્થળ |
|---|---|---|---|
| 1 | ડો. બાબા સાહેબ આંબેડકર | ચૈત્ય ભૂમિ | દાદર, ચોપાટી, મુંબઈ |
| 2 | શ્રી મોરારજી દેસાઈ | અભય ઘાટ | અમદાવાદ |
| 3 | શ્રી ગુલઝારીલાલ નંદા | નારાયણ ઘાટ | અમદાવાદ |

**નોંધ :** (1) બ્લ્યુ માર્બલ પ્લેટ ફોર્મ અને કાળા આરસપહાણનો ચબૂતરો એ શ્રી મહાત્મા ગાંધીજીના સમાધિ સ્થળ રાજઘાટની વિશેષતા છે.

(2) જ્યારે એક મોટું કમળનું ફૂલ અને તેની ફરતે શ્રી રાજીવ ગાંધીનો જીવનકાળ દર્શાવતા નાના 46 કમળના ફૂલ તથા તેની ફરતે ભારતના દરેક રાજ્યમાંથી આવેલી શિલાઓ એ શ્રી રાજીવ ગાંધીના સમાધિ સ્થળ વીર ભૂમિની વિશેષતા છે.

(3) અને એક વિશાળ લાલ–ગ્રે શિલા એ શ્રીમતી ઈન્દિરા ગાંધીના સમાધિ સ્થળ શક્તિ સ્થળની વિશેષતા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ ભારતની સુપ્રીમ કોર્ટના 47મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી એસ. એ. બોબડેના શપથ

18 નવેમ્બર, 2019ના રોજ ભારતની સુપ્રીમ કોર્ટના **47મા મુખ્ય ન્યાયાધીશ** તરીકે **શ્રી એસ. એ. બોબડે** એ શપથ લીધા છે.

- ભારતમાં **નવી દિલ્હી** ખાતે **રાષ્ટ્રપતિ ભવન**માં યોજાયેલા એક કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** શ્રી એસ. એ. બોબડેને ચીફ જસ્ટિસ તરીકેના આ શપથ અપાવ્યા હતા.
- 17 નવેમ્બર, 2019ના રોજ નિવૃત્ત થયેલ ચીફ જસ્ટિસ **શ્રી રંજન ગોગોઈ**ના સ્થાને શ્રી એસ. એ. બોબડે સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટિસ બન્યા છે.
- તેઓ આશરે 17 મહિના સુધી ભારતના મુખ્ય ન્યાયાધીશના પદે રહેશે અને **23 એપ્રિલ 2021**ના રોજ તેમનો કાર્યકાળ પૂરો થશે.

### શ્રી એસ. એ. બોબડે



શ્રી એસ. એ. બોબડેનું પૂરું નામ **શ્રી શરદ અરવિંદ બોબડે** છે.

- તેઓ આ અગાઉ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ હતા.
- 24 એપ્રિલ 1956ના રોજ **મહારાષ્ટ્ર**ના **નાગપુર** ખાતે તેમનો જન્મ થયો હતો.
- વર્ષ **2013**માં તેમની **સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ** તરીકે નિમણૂક કરવામાં આવી હતી.
- એ અગાઉ તેઓ **મધ્યપ્રદેશ હાઈકોર્ટ**માં મુખ્ય ન્યાયાધીશ હતા.
- તેમણે **બોમ્બે હાઈકોર્ટ**માં જજ તરીકે પણ સેવા આપી છે.
- નાગપુર બેન્ચના **વકીલ** તરીકે **1978**માં તેમણે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.

### સુપ્રીમ કોર્ટ

- ભારતીય બંધારણના **ભાગ-5**માં **અનુચ્છેદ 124થી 147** અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય આખરી અને સર્વમાન્ય ગણવામાં આવે છે.
- **28 જાન્યુઆરી, 1950**ના રોજ **નવી દિલ્હી** ખાતે **Chamber of Princes**માં સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અગાઉ ભારતમાં **'ભારત સરકાર અધિનિયમ, 1935'** હેઠળ **'ફેડરલ કોર્ટ'**ની સ્થાપના કરવામાં આવી હતી.
- સુપ્રીમ કોર્ટ એ આ **'ફેડરલ કોર્ટ'**ની અનુગામી સંસ્થા છે.
- સુપ્રીમ કોર્ટની હાલની ઈમારતની ડિઝાઈનના સ્થપતિ **શ્રી ગણેશ ભીખાજી ડિયોલાલીકર** હતા.
- ભારતીય બંધારણના અનુચ્છેદ **124**માં **સર્વોચ્ચ અદાલત**ની સ્થાપનાની જોગવાઈ છે.

### સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશની સંખ્યા

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(1)** મુજબ **સંસદ** સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં વધારો કે ઘટાડો કરી શકે છે.
- શરૂઆતમાં સુપ્રીમ કોર્ટમાં (1 મુખ્ય ન્યાયાધીશ અને અન્ય 7 ન્યાયાધીશ મળીને) કુલ **8 ન્યાયાધીશો** હતા.
- વર્તમાન સમયે સુપ્રીમ કોર્ટમાં (1 મુખ્ય ન્યાયાધીશ અને અન્ય 33 ન્યાયાધીશ મળીને) વધુમાં વધુ કુલ **34 ન્યાયાધીશો** રાખવાની જોગવાઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(3)** મુજબ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની **લાયકાત** નીચે મુજબ છે :

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) તેઓ 5 વર્ષથી હાઈકોર્ટના (વડી અદાલતના) ન્યાયાધીશ હોવા જોઈએ.

અથવા

તેઓ 10 વર્ષથી હાઈકોર્ટના વકીલ હોવા જોઈએ

અથવા

રાષ્ટ્રપતિના મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવા જોઈએ.

**નોંધ :** (1) સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વધુમાં વધુ **65 વર્ષ**ની ઉંમર સુધી પદ પર રહી શકે છે.

(2) જોકે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટે ન્યૂનતમ વય મર્યાદા નક્કી કરવામાં આવી નથી.

(3) સુપ્રીમ કોર્ટનો **મુદ્રાલેખ** છે : **'યતો ધર્મસ્તતો જય:'** એટલે કે **''જયાં ધર્મ છે ત્યાં જ વિજય છે.''**

(4) સુપ્રીમ કોર્ટમાં ન્યાયિક કામકાજ માટે **અંગ્રેજી ભાષા**નો ઉપયોગ કરવામાં આવે છે.

(5) ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(2)** મુજબ **રાષ્ટ્રપતિ** દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની **નિમણૂક** કરવામાં આવે છે.

(6) ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(4)** અંતર્ગત દર્શાવેલ પ્રક્રિયા અનુસાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને તેમના પદ પરથી દૂર કરી શકાય છે.

(7) ભારતમાં સૌપ્રથમ ઈ.સ. **1861**માં **કોલકાતા, મુંબઈ અને મદ્રાસ** ખાતે અદાલતની સ્થાપના થઈ હતી. (આ અદાલતોની સ્થાપના **'ભારતીય ઉચ્ચ ન્યાયાલય અધિનિયમ, 1862'** મુજબ કરવામાં આવી હતી.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને શપથ

ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(6)** અનુસાર સુપ્રીમ કોર્ટના **ન્યાયાધીશ** અને સુપ્રીમ કોર્ટના **ચીફ જસ્ટિસ**ને ભારતના **રાષ્ટ્રપતિ** અથવા તો **રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત કોઈ વ્યક્તિ** શપથ અપાવે છે.

- તેમણે ભારતીય બંધારણની **ત્રીજી અનુસૂચિ**માં આપેલ નમૂના અનુસાર હોદ્દાના શપથ અથવા તો પ્રતિજ્ઞા લેવાની હોય છે.

## સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનો પગાર

ભારતની **સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ**નો માસિક પગાર **રૂ. 2,80,000** હોય છે.

- જ્યારે **સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ**ને દર મહિને **રૂ. 2,50,000** પગાર આપવામાં આવે છે.

**નોંધ :** જ્યારે ભારતના વિવિધ રાજ્યોની **હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ**નો માસિક પગાર **રૂ. 2,50,000** અને **હાઈકોર્ટના ન્યાયાધીશ**નો માસિક પગાર **રૂ. 2,25,000** હોય છે.

### ભારતમાં ન્યાયાધીશનો પગાર

| ક્રમ | હોદ્દો | પ્રતિમાસ પગાર રૂપિયામાં |
|---|---|---|
| 1 | સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ | 2,80,000 |
| 2 | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ | 2,50,000 |
| 3 | હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ | 2,50,000 |
| 4 | હાઈકોર્ટના ન્યાયાધીશ | 2,25,000 |

## સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

- સુપ્રીમ કોર્ટના **પ્રથમ** મુખ્ય ન્યાયાધીશ **શ્રી હરિલાલ જે. કણિયા** ગુજરાતી હતા.
- **જસ્ટિસ મુહમ્મદ હિદાયતુલ્લાહ** સુપ્રીમ કોર્ટના એવા મુખ્ય ન્યાયાધીશ હતા કે જેમણે ભારતના **કાર્યકારી રાષ્ટ્રપતિ** તરીકે સેવા આપી હતી.
- સુપ્રીમ કોર્ટના **પ્રથમ મહિલા ન્યાયાધીશ શ્રીમતી ફાતિમાબીબી** હતા.
- જેમની વિરુદ્ધ **સૌપ્રથમ ન્યાયાધીશ પદેથી હટાવવાનો પ્રસ્તાવ** લાવવામાં આવ્યો હોય તેવા સુપ્રીમ કોર્ટના પ્રથમ ન્યાયાધીશ **શ્રી વી. રામાસ્વામી** હતા. જોકે તેમની વિરુદ્ધનો આ મહાભિયોગ પ્રસ્તાવ પાછો ખેંચવામાં આવ્યો હતો.

## ગુજરાતમાં જન્મ થયો હોય તેવા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

| ક્રમ (કેટલામા મુખ્યન્યાયાધીશ) | નામ | જન્મ સ્થળ |
|---|---|---|
| 1 | શ્રી હરિલાલ જે. કણિયા | નવસારી |
| 12 | શ્રી જયંતિલાલ છોટાલાલ શાહ | અમદાવાદ |
| 17 | શ્રી પી. એન. (પ્રફુલ્લચંદ્ર નટવરલાલ) ભગવતી | અમદાવાદ |
| 26 | શ્રી અઝીઝ મુશબ્બર અહમદી | સુરત |

**નોંધ :** સુપ્રીમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ **શ્રી હરિલાલ જે. કણિયાના** ભત્રીજા **શ્રી એમ. એચ. (મધુકર હિરાલાલ) કણિયા** પણ ભારતના મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા. જોકે, શ્રી એમ. એચ. કણિયાનો જન્મ **મુંબઈ**માં થયો હતો.

## સુપ્રીમ કોર્ટ સંબંધિત બંધારણના મહત્ત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| 124 થી 147 | સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ |
| 124 | સુપ્રીમ કોર્ટની સ્થાપના |
| 124(1) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં ફેરફાર કરવાની સંસદની સત્તા |
| 124(2) | રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક |
| 124(3) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત |
| 124(4) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા |
| 124(6) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની રાષ્ટ્રપતિ સમક્ષ શપથવિધિ |



## ICE ? Questions

1. ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દીરા ગાંધીનો જન્મદિન ક્યારે ઉજવાય છે ?
   (A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર — (C)
2. 'ઈન્ટરનેશનલ મેન્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર — (C)
3. 'વિશ્વ શૌચાલય દિવસ' અથવા તો 'World Toilet Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર — (C)

4. વર્ષ 2019ના 'વિશ્વ શૌચાલય દિવસ'ની થીમ શું છે ?
   (A) When nature calls (B) Nature-based Solutions
   (C) Toilets and nutrition (D) Leaving no one behind
   **(D)**

5. ભારતની સુપ્રીમ કોર્ટના 47મા ચીફ જસ્ટિસ તરીકે શ્રી શરદ અરવિંદ બોબડેને કોણે શપથ અપાવ્યા છે ?
   (A) શ્રી રંજન ગોગોઈ (B) શ્રી રામનાથ કોવિંદ
   (C) શ્રી એમ. વેંકૈયા નાયડુ (D) તેમણે શપથ લેવાના હોતા નથી
   **(B)**

6. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં ભારતની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તથા મુખ્ય ન્યાયાધીશના શપથ અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?
   (A) અનુચ્છેદ 124(3) (B) અનુચ્છેદ 124(4) (C) અનુચ્છેદ 124(5) (D) અનુચ્છેદ 124(6)
   **(D)**

7. ભારતીય બંધારણના અનુચ્છેદ 124(6) અનુસાર ભારતમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તથા મુખ્ય ન્યાયાધીશને હોદ્દાના શપથ કોણ અપાવે છે ?
   (A) રાષ્ટ્રપતિ (B) ઉપરાષ્ટ્રપતિ
   (C) દિલ્હીના ઉપરાજ્યપાલ (D) રાષ્ટ્રપતિ અથવા તેમના દ્વારા નિયુક્ત કોઈ વ્યક્તિ
   **(D)**

8. શ્રી એસ. એ. બોબડે સુપ્રીમ કોર્ટના કેટલામા મુખ્ય ન્યાયાધીશ બન્યા છે ?
   (A) 46મા (B) 47મા (C) 48મા (D) 49મા
   **(B)**

9. ભારતમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસનો માસિક પગાર કેટલો હોય છે ?
   (A) ભારતના વડાપ્રધાન જેટલો જ (B) ભારતના રાજ્યપાલ જેટલો જ
   (C) રૂ. 2,80,000 (D) રૂ. 2,50,000
   **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## 20 NOVEMBER, 2019 WEDNESDAY

## ➤ દિવસ મહિમા : 20 નવેમ્બર, વિશ્વ બાળ દિવસ અથવા તો વિશ્વ બાળ અધિકાર દિવસ (World Children's Day)

**નોંધ :** ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુનો જન્મદિન 14 નવેમ્બર ભારતમાં 'બાળ દિન' તરીકે ઉજવાય છે. જ્યારે **'વિશ્વ બાળ દિવસ'** 20 નવેમ્બરના રોજ ઉજવાય છે.

## ➤ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ભારતમાં SAANS (સાંસ) અભિયાન લોન્ચ

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી **ડો. હર્ષવર્ધન** દ્વારા તાજેતરમાં ભારતમાં **SAANS (સાંસ) અભિયાન** લોન્ચ કરવામાં આવ્યું છે.

- SAANS અભિયાનનું પૂરું નામ 'Social Awareness and Action to Neutralise Pneumonia Successfully' છે.
- ભારતમાં **ન્યુમોનિયા**ની બીમારી અંગે જાગૃતિ ફેલાવવા માટે આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં **ન્યુમોનિયા**ને કારણે થતા **બાળ મૃત્યુ દર**માં ઘટાડો કરવાનો છે.

### ન્યુમોનિયા અંગે HMIS રિપોર્ટ

Health Management Information System (HMIS) દ્વારા **ન્યુમોનિયા** અંગે પ્રસિદ્ધ કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર ભારતમાં **5 વર્ષથી ઓછી ઉંમરના બાળકો**માં મૃત્યુ દર પ્રમાણ **37 પ્રતિ 1000 જન્મ** છે.

- જેમાંથી **ન્યુમોનિયા**ને કારણે થતા બાળ મૃત્યુ દરનું પ્રમાણ **5.3 પ્રતિ 1000 જન્મ** છે.
- ભારત સરકાર દ્વારા વર્ષ 2025 સુધીમાં ન્યુમોનિયાને કારણે થતા બાળ મૃત્યુ દરનું પ્રમાણ 5.3થી ઘટાડીને 3 પ્રતિ 1000 જન્મ સુધી લાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- HMISના રિપોર્ટ અનુસાર વર્ષ 2018-19માં ભારતમાં ન્યુમોનિયાને કારણે સૌથી વધુ બાળકોના મૃત્યુ **મધ્યપ્રદેશ**માં થયા હતા. **મધ્યપ્રદેશ** બાદ **ગુજરાત બીજા ક્રમે** હતું.



ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ IMD World Talent Ranking 2019માં ભારત 59મા ક્રમે




તાજેતરમાં સ્વિત્ઝર્લેન્ડની Institute for Management Development (IMD) દ્વારા 'World Talent Ranking 2019' નામથી એક રેન્કિંગ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

- આ રેન્કિંગમાં કુલ 63 દેશોમાં ભારત 59મા ક્રમે છે.
- જ્યારે આ અગાઉ વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં ભારત 53મા ક્રમે હતું.
- આથી, વર્ષ 2018ની તુલનાએ વર્ષ 2019ના આ રિપોર્ટમાં ભારતના ક્રમમાં 6 અંકનો ઘટાડો થયો છે.
- વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા આ રેન્કિંગમાં સ્વિત્ઝર્લેન્ડ પ્રથમ ક્રમે છે.
- સ્વિત્ઝર્લેન્ડ બાદ ડેન્માર્ક બીજા અને સ્વીડન ત્રીજા ક્રમે છે.
- જ્યારે આ રેન્કિંગમાં મોંગોલિયા અંતિમ 63મા ક્રમે છે.

**IMD World Talent Ranking 2019**

| Rank | દેશ |
|---|---|
| 1 | સ્વિત્ઝર્લેન્ડ |
| 2 | ડેન્માર્ક |
| 3 | સ્વીડન |
| 59 | ભારત |
| 62 | વેનેઝુએલા |
| 63 | મોંગોલિયા |

**નોંધ :**
(1) આ અગાઉ વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા આ રેન્કિંગમાં સ્વિત્ઝર્લેન્ડ પ્રથમ અને વેનેઝુએલા અંતિમ 63મા ક્રમે હતું.
(2) આ રેન્કિંગમાં સ્વિત્ઝર્લેન્ડ સતત છઠ્ઠી વખત પ્રથમ ક્રમે છે.
(3) રોકાણ અને વિકાસ, અપીલ તેમજ તૈયારી એમ કુલ ત્રણ ફેક્ટરને આધારે આ રેન્કિંગમાં વિવિધ દેશોને રેન્ક આપવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

તલાટી / જુનિયર કલાર્ક / સિનિયર કલાર્ક / મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી વગેરે...
ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે
જૂનાગઢ
10% SPECIAL DISCOUNT
નવી બેચ શરૂ
સવારે 8 થી 10
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
76985-01110 / 76986-01110

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'વિશ્વ બાળ દિવસ' અથવા તો 'વિશ્વ બાળ અધિકાર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 14 નવેમ્બર (B) 16 નવેમ્બર (C) 18 નવેમ્બર (D) 20 નવેમ્બર | (D) |
| 2. | કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ભારતમાં કયા રોગ અંગે જાગૃતિ ફેલાવવા માટે 'SAANS (સાંસ) અભિયાન' લોન્ચ કરવામાં આવ્યું છે ?<br>(A) મેલેરિયા (B) ડેન્ગ્યુ (C) ન્યુમોનિયા (D) કેન્સર | (C) |
| 3. | 'SAANS' અભિયાનનું પૂરું નામ શું છે ?<br>(A) Social Awareness and Action to Neutralise Pneumonia Successfully<br>(B) State Awareness and Action to Neutralise Pneumonia Successfully<br>(C) Society Awareness and Action to Neutralise Pneumonia Successfully<br>(D) Special Awareness and Action to Neutralise Pneumonia Successfully | (A) |
| 4. | ભારતમાં ન્યુમોનિયા અંગે જાગૃતિ લાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કયું અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ?<br>(A) આશ (B) સાંસ (C) રાહ (D) દિશા | (B) |
| 5. | ભારત સરકાર દ્વારા ભારતમાં ન્યુમોનિયાને કારણે થતા 5 વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં મૃત્યુ દરનું પ્રમાણ 5.3થી ઘટાડીને કયાં સુધીમાં 3 પ્રતિ 1000 જન્મ સુધી લાવવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે ?<br>(A) 2022 (B) 2024 (C) 2025 (D) 2030 | (C) |
| 6. | IMD વર્લ્ડ ટેલેન્ટ રેન્કિંગ 2019માં ભારત કયા ક્રમે છે ?<br>(A) 53મા (B) 54મા (C) 56મા (D) 59મા | (D) |
| 7. | IMD વર્લ્ડ ટેલેન્ટ રેન્કિંગ 2019માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?<br>(A) સ્વિટ્ઝર્લેન્ડ (B) ડેન્માર્ક (C) સ્વીડન (D) નોર્વે | (A) |
| 8. | IMD વર્લ્ડ ટેલેન્ટ રેન્કિંગ 2019માં કયો દેશ અંતિમ 63મા ક્રમે છે ?<br>(A) વેનેઝુએલા (B) મોંગોલિયા (C) મેક્સિકો (D) કોલમ્બિયા | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 21 NOVEMBER, 2019 THURSDAY

➤ **દિવસ મહિમા : 21 નવેમ્બર, (1) વિશ્વ ટીવી દિવસ (World Television Day)**
**(2) વિશ્વ મત્સ્યપાલન દિવસ (World Fisheries Day)**

### ➤ 9 વાર રિસાઈકલ થાય એવા પેકેજિંગ મટિરિયલના વિશ્વના પ્રથમ પ્લાન્ટનો સાણંદમાં પ્રારંભ

9 વાર રિસાઈકલ થઈ શકે એવા પેકેજિંગ મટિરિયલના વિશ્વના પ્રથમ પ્લાન્ટનો ગુજરાતના અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના મોરૈયા ગામ પાસે પ્રારંભ થયો છે.

- ઓસ્ટ્રેલિયાની કોન્સ્ટેન્ટીઆ ફ્લેક્સીબલ્સ નામની કંપની દ્વારા આ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી છે.
- ભારત ખાતેના ઓસ્ટ્રેલિયાના રાજદૂતે આ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- આ પ્લાન્ટમાં ઈકોલેમ નામના પેકેજિંગ મટિરિયલ્સનું ઉત્પાદન કરવામાં આવશે.

- વજનમાં ખૂબ હલ્કું આ મટિરિયલ્સ સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો વિકલ્પ બનશે.
- આ મટિરિયલ્સનો ઉપયોગ નાસ્તો, અનાજ, પીણા જેવા વિવિધ ખાદ્ય પદાર્થો તથા રોજબરોજના વપરાશની ચીજ વસ્તુઓના પેકીંગ માટે કરવામાં આવશે.

## ➤ 50મા International Film Festival of India (IFFI) 2019નો ગોવામાં પ્રારંભ

20 નવેમ્બર, 2019ના રોજ ગોવામાં પણજી પાસે આવેલા ડો. શ્યામા પ્રસાદ મુખર્જી ઈનડોર સ્ટેડિયમમાં ભારતના 50મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 2019નો પ્રારંભ થયો છે.

- કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરની ઉપસ્થિતિમાં શ્રી અમિતાભ બચ્ચન અને શ્રી રજનીકાંતે આ સમારંભ શરૂ થવાની જાહેરાત કરી હતી.
- આ સમારંભનું સંચાલન શ્રી કરણ જોહરે કર્યું હતું.
- 20થી 28 નવેમ્બર 2019 દરમિયાન ગોવા ખાતે યોજાઈ રહેલા આ ફિલ્મ ફેસ્ટિવલની મુખ્ય વિશેષતા એ છે કે આ ભારતનો 50મો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ છે.
- આથી, આ વર્ષે તેની સુવર્ણજયંતી (Golden Jubilee)ની ઉજવણી કરવામાં આવી રહી છે.
- આ ફિલ્મ ફેસ્ટિવલમાં 76 દેશોની 200થી વધુ ફિલ્મો બતાવવામાં આવશે.
- આ ફેસ્ટિવલનો પ્રારંભ ઈટલીની ફિલ્મ 'ડેસ્પાઈટ દ ફોગ'થી થયો હતો.
- આ ફિલ્મ ફેસ્ટિવલમાં ફોકસ કન્ટ્રી તરીકે રશિયાની પસંદગી કરવામાં આવી છે.
- આ ફિલ્મ ફેસ્ટિવલના ઉદ્ઘાટન સમારંભમાં ગોવાના પૂર્વ મુખ્યમંત્રી શ્રી મનોહર પારિકરને એક શોર્ટ ફિલ્મ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

### ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં એવોર્ડ

આ ફિલ્મ ફેસ્ટિવલમાં ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી અમિતાભ બચ્ચન દ્વારા દક્ષિણ ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી રજનીકાંતને 'આઈકન ઓફ ગોલ્ડન જ્યુબિલી એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

- આ અંતર્ગત શ્રી રજનીકાંતને પ્રથમ 'આઈકન ઓફ ગોલ્ડન જ્યુબિલી એવોર્ડ' એનાયત થયો છે.
- જ્યારે ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી અમિતાભ બચ્ચનને આ ફિલ્મ ફેસ્ટિવલમાં 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર' એનાયત થયો છે.
- શ્રી રજનીકાંત દ્વારા શ્રી અમિતાભ બચ્ચનને આ પુરસ્કાર એનાયત થયો હતો.
- આ ઉપરાંત આ ફેસ્ટિવલમાં ફ્રાન્સના દિગ્ગજ અભિનેત્રી સુશ્રી ઈસાબેલ એની મેડેલિન હપ્પર્ટને 'લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

### ફિલ્મ ફેસ્ટિવલમાં એનાયત થયેલા એવોર્ડ

| ક્રમ | એવોર્ડ | વિજેતા |
|---|---|---|
| 1 | આઈકન ઓફ ગોલ્ડન જ્યુબિલી એવોર્ડ | શ્રી રજનીકાંત |
| 2 | દાદા સાહેબ ફાળકે પુરસ્કાર | શ્રી અમિતાભ બચ્ચન |
| 3 | લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ | સુશ્રી ઈસાબેલ હપ્પર્ટ (ફ્રાન્સ) |

### મલ્ટિમીડિયા પ્રદર્શન 'IFFI@50'

આ ફિલ્મ ફેસ્ટિવલમાં મલ્ટિમીડિયા એક્ઝિબિશન 'IFFI@50'નું પણ આયોજન કરવામાં આવ્યું છે.

- જેમાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)ની 1952થી અત્યાર સુધીની યાત્રાને દર્શાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## IFFI

IFFIનું પૂરું નામ 'International Film Festival of India' છે.

- ભારતમાં પ્રથમ 'ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા'નું આયોજન 24 જાન્યુઆરી, 1952ના રોજ મુંબઈ ખાતે થયું હતું.
- ત્યારબાદ બીજો ફિલ્મ ફેસ્ટિવલ 1961માં નવી દિલ્હી ખાતે યોજાયો હતો.
- એકાદ અપવાદને બાદ કરતા ભારતમાં વર્ષ 1993થી આ ફિલ્મ ફેસ્ટિવલ દર વર્ષે યોજાય છે.
- વર્ષ 2004થી આ ફિલ્મ ફેસ્ટિવલ દર વર્ષે ગોવા ખાતે યોજાય છે.
- ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય, ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ અને ગોવા સરકાર દ્વારા આ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS




ICE Questions

1. 'વિશ્વ ટીવી દિવસ' અથવા તો 'World Television Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 નવેમ્બર (B) 21 નવેમ્બર (C) 22 નવેમ્બર (D) 23 નવેમ્બર (B)

2. 'વિશ્વ મત્સ્યપાલન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 નવેમ્બર (B) 21 નવેમ્બર (C) 22 નવેમ્બર (D) 23 નવેમ્બર (B)

3. 9 વાર રિસાઈકલ થઈ શકે એવા પેકેજિંગ મટિરિયલ્સના વિશ્વના પ્રથમ પ્લાન્ટનો ભારતમાં કઈ જગ્યાએ પ્રારંભ થયો છે ?
(A) મોરૈયા, સાણંદ (અમદાવાદ, ગુજરાત) (B) મેટોડા, સાણંદ (અમદાવાદ, ગુજરાત)
(C) મહુધા, સાણંદ (અમદાવાદ, ગુજરાત) (D) માનપુર, સાણંદ (અમદાવાદ, ગુજરાત) (A)

4. કયા દેશની કોન્સ્ટેન્ટીઆ ફ્લેક્સીબલ્સ નામની કંપની દ્વારા ગુજરાતના અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના મોરૈયા પાસે 9 વાર રિસાઈકલ થઈ શકે એવા પેકેજિંગ મટિરિયલ્સના વિશ્વના પ્રથમ પ્લાન્ટનો પ્રારંભ થયો છે ?
(A) અમેરિકા (B) રશિયા (C) ફ્રાન્સ (D) ઓસ્ટ્રેલિયા (D)

5. 20 નવેમ્બર 2019ના રોજ ભારતમાં કેટલામા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયાનો પ્રારંભ થયો છે?
(A) 50મા (B) 51મા (C) 60મા (D) 70મા (A)

6. ભારતમાં 50મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 2019નું આયોજન કયાં થયું છે ?
(A) કોલકાતા, પશ્ચિમ બંગાળ (B) મુંબઈ, મહારાષ્ટ્ર
(C) પણજી, ગોવા (D) બેંગાલુરૂ, કર્ણાટક (C)

7. ભારતમાં વર્ષ 2019માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયાની કઈ Jubilee (જયંતી)ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) Silver (રજત) (B) Golden (સુવર્ણ)
(C) Diamond (હીરક) (D) ત્રણમાંથી કોઈ નહિ (B)

8. ભારતમાં ગોવાના કયા ઈનડોર સ્ટેડિયમમાં 50મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 2019નો પ્રારંભ થયો હતો ?
(A) છત્રપતિ શિવાજી મહારાજ ઈનડોર સ્ટેડિયમ (B) સ્વામી વિવેકાનંદ ઈનડોર સ્ટેડિયમ
(C) શ્રી અટલ બિહારી વાજપેઈ ઈનડોર સ્ટેડિયમ (D) ડો. શ્યામા પ્રસાદ મુખર્જી ઈનડોર સ્ટેડિયમ (D)

9. ભારતમાં 50મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 2019માં ફોકસ કન્ટ્રી તરીકે કયા દેશની પસંદગી કરવામાં આવી હતી ?
(A) ઈટલી (B) ફ્રાન્સ (C) રશિયા (D) ઓસ્ટ્રેલિયા (C)

10. ગોવા ખાતે યોજાયેલ 50મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 2019ના ઉદ્દઘાટન સમારંભમાં કોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી ?
(A) શ્રી ટી. એન. શેષન (B) શ્રીમતી સુષ્મા સ્વરાજ
(C) શ્રી ગિરીશ કર્નાડ (D) શ્રી મનોહર પારિકર (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| | | |
|---|---|---|
| **11.** | **50મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 2019ના ઉદ્‌ઘાટન સમારંભમાં 'આઈકન ઓફ ધ ગોલ્ડન જ્યુબિલી એવોર્ડ'થી કયા અભિનેતાને સન્માનિત કરવામાં આવ્યા છે ?**<br>(A) શ્રી અમિતાભ બચ્ચન (B) શ્રી અક્ષય કુમાર<br>(C) શ્રી રજનીકાંત (D) સુશ્રી ઈસાબેલ હપ્પર્ટ | **(C)** |
| **12.** | **50મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 2019ના ઉદ્‌ઘાટન સમારંભમાં 'દાદા સાહેબ ફાળકે એવોર્ડ'થી કયા અભિનેતાને સન્માનિત કરવામાં આવ્યા છે ?**<br>(A) શ્રી અમિતાભ બચ્ચન (B) શ્રી અક્ષય કુમાર<br>(C) શ્રી રજનીકાંત (D) સુશ્રી ઈસાબેલ હપ્પર્ટ | **(A)** |
| **13.** | **50મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 2019ના ઉદ્‌ઘાટન સમારંભમાં 'લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ'થી કયા અભિનેતાને સન્માનિત કરવામાં આવ્યા છે ?**<br>(A) શ્રી આમીર ખાન (B) શ્રી શાહરુખ ખાન<br>(C) સુશ્રી આલિયા ભટ્ટ (D) સુશ્રી ઈસાબેલ હપ્પર્ટ | **(D)** |
| **14.** | **સુશ્રી ઈસાબેલ હપ્પર્ટ કયા દેશના પ્રસિદ્ધ અભિનેત્રી છે ?**<br>(A) ઈંગ્લેન્ડ (B) અમેરિકા (C) ફ્રાન્સ (D) ઓસ્ટ્રેલિયા | **(C)** |
| **15.** | **ભારતમાં પ્રથમ 'ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા' ક્યારે યોજાયો હતો ?**<br>(A) 24 જાન્યુઆરી, 1951 (B) 24 જાન્યુઆરી, 1952<br>(C) 24 જાન્યુઆરી, 1953 (D) 24 જાન્યુઆરી, 1954 | **(B)** |

## 22 NOVEMBER, 2019 FRIDAY

### ➤ સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર 2019




20 નવેમ્બર, 2019ને 'વિશ્વ શૌચાલય દિવસ'ના રોજ કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી શ્રી ડી. વી. સદાનંદ ગૌડા અને કેન્દ્રીય જળ શક્તિ રાજ્ય મંત્રી શ્રી રતન લાલ કટારિયા દ્વારા પ્રવાસી ભારતીય કેન્દ્ર, નવી દિલ્હી ખાતે યોજાયેલા સમારોહમાં 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર 2019' એનાયત કરવામાં આવ્યા છે.

- આ અંતર્ગત ભારતના રાજ્યોમાં તમિલનાડુ પ્રથમ ક્રમે છે.
- જ્યારે તમિલનાડુ બાદ હરિયાણા બીજા અને ગુજરાત ત્રીજા ક્રમે છે.
- જ્યારે ભારતના જિલ્લાઓમાં તેલંગાણાનો પેડ્ડાપલ્લી જિલ્લો પ્રથમ ક્રમે છે.
- આ સર્વેમાં સૌથી વધુ નાગરિક ભાગીદારી વાળા રાજ્યોમાં ઉત્તરપ્રદેશ પ્રથમ ક્રમે છે.
- ભારતના પશ્ચિમી રાજ્યોમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. પશ્ચિમી જિલ્લાઓમાં ગુજરાતનો પાટણ જિલ્લો પ્રથમ ક્રમે છે.
- ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં દમણ અને દીવ પ્રથમ ક્રમે છે.

#### સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર 2019 વિજેતા રાજ્યો અને જિલ્લાઓ

**કુલ રેન્કિંગમાં પ્રથમ ત્રણ રાજ્યો**

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | તમિલનાડુ |
| 2 | હરિયાણા |
| 3 | ગુજરાત |

**કુલ રેન્કિંગમાં પ્રથમ ત્રણ જિલ્લાઓ**

| ક્રમ | જિલ્લો | રાજ્ય |
|---|---|---|
| 1 | પેડ્ડાપલ્લી | તેલંગાણા |
| 2 | ફરીદાબાદ | હરિયાણા |
| 3 | રેવાડી | હરિયાણા |

## ક્ષેત્રિય રેન્કિંગમાં પ્રથમ ત્રણ રાજ્યો અને પ્રથમ ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશો

| ક્રમ | ક્ષેત્ર/કેન્દ્ર શાસિત પ્રદેશ | રેન્ક-1 | રેન્ક-2 | રેન્ક-3 |
|---|---|---|---|---|
| 1 | ઉત્તર | હરિયાણા | ઉત્તરપ્રદેશ | ઉત્તરાખંડ |
| 2 | દક્ષિણ | તમિલનાડુ | તેલંગાણા | કેરળ |
| 3 | પૂર્વ | ઝારખંડ | છત્તીસગઢ | પશ્ચિમ બંગાળ |
| 4 | પશ્ચિમ | ગુજરાત | મહારાષ્ટ્ર | મધ્યપ્રદેશ |
| 5 | પૂર્વોત્તર | મિઝોરમ | સિક્કિમ | અરૂણાચલ પ્રદેશ |
| 6 | કેન્દ્ર શાસિત પ્રદેશ | દમણ અને દીવ | દાદરા અને નગર હવેલી | પુડુચેરી |

## ક્ષેત્રીય રેન્કિંગમાં ભારતના પશ્ચિમ ભાગમાં પ્રથમ ત્રણ જિલ્લાઓ

| ક્રમ | જિલ્લો | રાજ્ય |
|---|---|---|
| 1 | પાટણ | ગુજરાત |
| 2 | મહિસાગર | ગુજરાત |
| 3 | પંચમહાલ | ગુજરાત |

**નોંધ :** (1) આ સર્વેક્ષણમાં સૌથી વધુ નાગરિક ભાગીદારી વાળા ભારતના રાજ્યોમાં ઉત્તરપ્રદેશ પ્રથમ ક્રમે છે.

(2) આ અંતર્ગત ઉત્તરપ્રદેશને 2 ઓક્ટોબર, 2019ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ 'સ્વચ્છ ભારત દિવસ કાર્યક્રમ'માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ➤ 5 CPSEsના ડિસઈન્વેસ્ટમેન્ટની કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી



20 નવેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હી ખાતે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં 5 CPSEsના ડિસઈન્વેસ્ટમેન્ટની મંજૂરી આપવામાં આવી છે.

- આ CPSEs એટલે કે Central Public Sector Enterprises (કેન્દ્ર સરકારની માલિકીના જાહેર સાહસો)માં નીચેની કંપનીઓનો સમાવેશ થાય છે. જેમાંથી સરકાર પોતાનો હિસ્સો પ્રાઈવેટ સેક્ટરની અન્ય કંપનીઓ અથવા તો અન્ય રોકાણકારોને વેચશે.

| ક્રમ | કંપનીનું નામ | ડિસઈન્વેસ્ટમેન્ટની મંજૂરી (ટકામાં) |
|---|---|---|
| 1 | Bharat Petroleum Corporation Ltd. (BPCL) | 53.29 |
| 2 | Shipping Corporation of India Ltd. (SCI) | 63.75 |
| 3 | Container Corporation of India Ltd. (CONCOR) | 30.80 |
| 4 | Tehri Hydro Development Corporation India Ltd. (THDCIL) | 74.23 |
| 5 | North Eastern Electric Power Corporation Ltd. (NEEPCO) | 100 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) નુમાલીગઢ રિફાઈનરી લિમિટેડ (NRL)માં રહેલો BPCLનો 61.65 ટકા હિસ્સો સરકાર નહિ વેચે. પરંતુ તેને અન્ય સરકારી કંપનીને આપવામાં આવશે.

(2) ઉપરોક્ત સરકારી કંપનીઓના Disinvestment એટલે કે વિનિવેશ અથવા તો વેચાણથી જે નાણા મળશે તેનો ઉપયોગ સરકાર લોક કલ્યાણના કાર્યો તથા યોજનાઓમાં કરી શકશે.

(3) કુશળ સંચાલન ક્ષમતાનો ઉપયોગ કરીને પ્રાઈવેટ કંપનીઓ આર્થિક વિકાસમાં યોગદાન આપી શકે તે માટે સરકારે વર્ષ 2015થી ફરીથી ડિસઇન્વેસ્ટમેન્ટની નીતિની શરૂઆત કરી છે.

## ICE ? Questions

1. 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર 2019' અંતર્ગત ભારતના રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
(A) મધ્યપ્રદેશ (B) તમિલનાડુ (C) કેરળ (D) તેલંગાણા **(B)**

2. 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર 2019' અંતર્ગત ભારતના રાજ્યોમાં ગુજરાત કયા ક્રમે છે ?
(A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) પાંચમા **(B)**

3. 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર 2019' અંતર્ગત ભારતના પ્રથમ ત્રણ રાજ્યો કયા છે ?
(A) તમિલનાડુ, હરિયાણા, ગુજરાત (B) તમિલનાડુ, તેલંગાણા, ગુજરાત
(C) તમિલનાડુ, ઝારખંડ, ગુજરાત (D) તમિલનાડુ, કેરળ, ગુજરાત **(A)**

4. 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર 2019' અંતર્ગત ભારતનો પ્રથમ જિલ્લો કયો છે ?
(A) રેવાડી (B) ફરીદાબાદ (C) પેડ્ડાપલ્લી (D) પંચમહાલ **(C)**

5. 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર 2019' અંતર્ગત સૌથી વધુ નાગરિક ભાગીદારીવાળા રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
(A) ઉત્તરાખંડ (B) ઝારખંડ (C) હરિયાણા (D) ઉત્તરપ્રદેશ **(D)**

6. 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર 2019' અંતર્ગત ક્ષેત્રિય રેન્કિંગમાં ભારતના પશ્ચિમી રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
(A) મહારાષ્ટ્ર (B) ગોવા (C) ગુજરાત (D) રાજસ્થાન **(C)**

7. 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર 2019' અંતર્ગત ક્ષેત્રિય રેન્કિંગમાં ભારતના પશ્ચિમી રાજ્યોના જિલ્લાઓમાં પ્રથમ ક્રમે કયો જિલ્લો છે ?
(A) પડ્ડાપલ્લી (B) જયપુર (C) પંચમહાલ (D) પાટણ **(D)**

8. 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર 2019' અંતર્ગત ક્ષેત્રિય રેન્કિંગમાં ભારતના પશ્ચિમી રાજ્યોમાં ગુજરાતના કયા ત્રણ જિલ્લા પ્રથમ ત્રણ ક્રમે છે ?
(A) પાટણ, મહિસાગર, પંચમહાલ (B) પાટણ, નર્મદા, પંચમહાલ
(C) પાટણ, તાપી, પંચમહાલ (D) પાટણ, વલસાડ, પંચમહાલ **(A)**

9. 20 નવેમ્બર, 2019ના રોજ કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં કેટલા CPSEsના અથવા તો કેન્દ્ર સરકારની માલિકીના કેટલા જાહેર સાહસોના ડિસઈન્વેસ્ટમેન્ટની મંજૂરી આપવામાં આવી છે ?
(A) 3 (B) 4 (C) 5 (D) 6 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. 20 નવેમ્બર, 2019ના રોજ મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં કેન્દ્ર સરકારની માલિકીની કુલ 5 કંપનીઓના વિનિવેશની મંજૂરી આપવામાં આવી છે...આ પાંચ કંપનીઓમાં નીચેનામાંથી કઈ કંપનીનો સમાવેશ થતો નથી ?
(A) BPCL (B) CONCOR (C) BSNL (D) NEEPCO **(C)**

11. 20 નવેમ્બર, 2019ના રોજ મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં કેન્દ્ર સરકારની માલિકીના કુલ 5 જાહેર સાહસોના ડિસઈન્વેસ્ટમેન્ટની મંજૂરી આપવામાં આવી છે...આ 5 કંપનીઓમાંથી સૌથી વધુ કઈ કંપનીના 100 ટકા હિસ્સાના વિનિવેશની મંજૂરી આપવામાં આવી છે ?
(A) ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)
(B) શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (SCI)
(C) કન્ટેઈનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (CONCOR)
(D) નોર્થ ઈસ્ટર્ન ઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશન લિમિટેડ (NEEPCO) **(D)**

## 23 NOVEMBER, 2019 SATURDAY

### ➤ વર્ષ 2018માં ભારતના રાજ્યોમાં સૌથી વધુ તમિલનાડુમાં 60 લાખ પ્રવાસીઓ આવ્યા

તાજેતરમાં લોકસભામાં એક સવાલના જવાબમાં કેન્દ્રીય પ્રવાસન મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર વર્ષ 2018માં ભારતના રાજ્યોમાં સૌથી વધુ 60.74 લાખ વિદેશી પ્રવાસીઓ તમિલનાડુમાં આવ્યા હતા.

- તમિલનાડુ બાદ બીજા ક્રમે મહારાષ્ટ્રમાં 50.78 લાખ અને ત્રીજા ક્રમે ઉત્તરપ્રદેશમાં 37.80 લાખ વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા.

**વર્ષ 2018માં ભારતના રાજ્યોમાં સૌથી વધુ વિદેશી પ્રવાસીઓ**

| ક્રમ | રાજ્ય | વિદેશી પર્યટકો (લાખમાં) |
|---|---|---|
| 1 | તમિલનાડુ | 60.74 |
| 2 | મહારાષ્ટ્ર | 50.78 |
| 3 | ઉત્તરપ્રદેશ | 37.80 |
| 4 | દિલ્હી | 27.40 |

**નોંધ :** સૌથી વધુ વિદેશી પર્યટકોની બાબતમાં તમિલનાડુ વર્ષ 2016, 2017 અને 2018 એમ ત્રણ વર્ષથી પ્રથમ ક્રમે છે.

**બાંગ્લાદેશથી સૌથી વધુ વિદેશી પ્રવાસીઓ ભારત આવ્યા**

વર્ષ 2016થી 2018 દરમિયાન ભારતમાં સૌથી વધુ વિદેશી પ્રવાસીઓ બાંગ્લાદેશથી આવ્યા છે.

- બાંગ્લાદેશ બાદ અમેરિકા બીજા અને બ્રિટન ત્રીજા ક્રમે છે.
- બાંગ્લાદેશથી ભારતમાં આવનારા પ્રવાસીઓની સંખ્યા વર્ષ 2016માં 13.80 લાખ હતી. જે વર્ષ 2018માં વધીને 22.56 લાખ થઈ ગઈ છે.

**નોંધ :** (1) ભારતમાં વિદેશી પર્યટકો દ્વારા થતી આવકમાં સતત વધારો થઈ રહ્યો છે.
(2) ભારતમાં વર્ષ 2016માં વિદેશી પર્યટકોની કુલ સંખ્યા 88 લાખ હતી. જે વધીને વર્ષ 2017માં 1.04 કરોડ અને 2018માં 1.06 કરોડ થઈ ગઈ છે.

ICE Questions

1. કેન્દ્રીય પ્રવાસન મંત્રાલય દ્વારા લોકસભામાં આપવામાં આવેલી માહિતી અનુસાર વર્ષ 2018માં ભારતના રાજ્યોમાં સૌથી વધુ વિદેશી પ્રવાસીઓ કયા રાજ્યમાં આવ્યા હતા ?
(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) તમિલનાડુ (D) ઉત્તરપ્રદેશ **(C)**

2. કેન્દ્રીય પ્રવાસન મંત્રાલય દ્વારા લોકસભામાં આપવામાં આવેલી માહિતી અનુસાર વર્ષ 2016થી 2018 દરમિયાન ભારતમાં સૌથી વધુ વિદેશી પ્રવાસીઓ કયા દેશમાંથી આવ્યા હતા ?
(A) અમેરિકા (B) બ્રિટન (C) બાંગ્લાદેશ (D) ઓસ્ટ્રેલિયા **(C)**

3. કેન્દ્રીય પ્રવાસન મંત્રાલય દ્વારા લોકસભામાં આપવામાં આવેલી માહિતી અનુસાર વર્ષ 2018માં ભારતમાં સૌથી વધુ વિદેશી પ્રવાસીઓ કયા ત્રણ રાજ્યમાં આવ્યા હતા ?
(A) તમિલનાડુ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ (B) તમિલનાડુ, મહારાષ્ટ્ર, દિલ્હી
(C) તમિલનાડુ, મહારાષ્ટ્ર, ગુજરાત (D) તમિલનાડુ, મહારાષ્ટ્ર, કેરળ **(A)**

# ONE LINER
## CURRENT AFFAIRS

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ દક્ષિણ એશિયા સુરક્ષા શિખર સંમેલન 2019નું દિલ્હીમાં આયોજન

તાજેતરમાં ભારતમાં નવી દિલ્હી ખાતે દક્ષિણ એશિયા સુરક્ષા શિખર સંમેલન 2019નું આયોજન થયું હતું. ભારત સરકારના કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તથા ફેસબૂક દ્વારા આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિખર સંમેલનમાં ડિજિટલ પ્લેટફોર્મ સાથે સંકળાયેલા લોકોની સુરક્ષા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ શિખર સંમેલનમાં કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સુશ્રી સ્મૃતિ ઈરાનીએ 'વી થિંક ડિજિટલ' નામથી એક વેબસાઈટ પણ લોન્ચ કરી હતી. આ વેબસાઈટની મદદથી વિદ્યાર્થીઓને ડિજિટલ ટેક્નોલોજી અંગે માહિતી મળશે.

### ➤ લેફ્ટેનન્ટ શિવાંગી ભારતીય નૌસેનાના પ્રથમ મહિલા પાયલટ બનશે

2 ડિસેમ્બર, 2019 ના રોજ લેફ્ટેનન્ટ શિવાંગી પાયલટ તરીકે ભારતીય નૌસેનામાં શામેલ થશે. અને આ સાથે જ તેઓ ભારતીય નૌસેનાના પ્રથમ મહિલા પાયલટ બની જશે. તેઓ કોચ્ચિમાં ઓપરેશન ડ્યુટીમાં શામેલ થશે અને ફિક્સ્ડ વિંગ ડોર્નિયર સર્વિલાંસ વિમાન ઉડાળશે. લેફ્ટેનન્ટ શિવાંગી બિહારના મુજફ્ફરપુરના વતની છે.

## ➤ NIA દ્વારા કરવામાં આવ્યું ક્વાડ દેશોના આતંકવાદ વિરોધી પ્રથમ અભ્યાસનું આયોજન

ભારતમાં **નવી દિલ્હી** ખાતે આવેલા **NIA (National Investigation Agency)**ના **હેડક્વાર્ટર**માં NIA દ્વારા 21 અને 22 નવેમ્બર, 2019ના રોજ **ક્વાડ દેશોના આતંકવાદ વિરોધી પ્રથમ અભ્યાસનું** આયોજન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસમાં **ભારત, જાપાન, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા**એ ભાગ લીધો હતો. **ક્વાડ દેશો**માં **ભારત, જાપાન, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા** એમ કુલ **ચાર લોકશાહી દેશોનો** સમાવેશ થાય છે. ક્વાડ સમૂહનો ઉદ્દેશ આતંકવાદ વિરોધી ઓપરેશન, આફત રાહત, માનવીય સહયોગ, સમુદ્રી સહયોગ અને સાઈબર સુરક્ષાના ક્ષેત્રમાં કાર્ય કરવાનો છે.

## ➤ લેહમાં National Institute of Sowa Rigpa (NISR)ની સ્થાપનાને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી

ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં **નવી દિલ્હી** ખાતે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતમાં કેન્દ્ર શાસિત પ્રદેશ **લદાખ**ની રાજધાની લેહમાં **National Institute of Sowa Rigpa - NISR (રાષ્ટ્રીય સોવા રિગ્પા સંસ્થા)**ની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી છે. આ સંસ્થા કેન્દ્રીય **આયુષ મંત્રાલય** અંતર્ગત એક સ્વાયત્ત સંસ્થા હશે. **'સોવા રિગ્પા'** એ એક **તિબેટીયન ઉપચાર પદ્ધતિ** છે. તે વિશ્વની સૌથી પ્રાચીન દવા પદ્ધતિઓમાંની એક છે. આથી, આ સંસ્થાની સ્થાપનાથી 'સોવા રિગ્પા'ના સંશોધન અને શિક્ષણને વેગ મળશે. ભારતમાં અરૂણાચલ પ્રદેશ, સિક્કિમ, દાર્જિલિંગ, ધર્મશાળા, લદાખ વગેરે જેવા હિમાલયન ભાગોમાં આ ઉપચાર પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. **શ્રી યુથોગ યોંતેન ગોંપો**ને 'સોવા રિગ્પા'ના પિતા માનવામાં આવે છે.

## ➤ 1 ડિસેમ્બર 2019થી તમામ વાહનો માટે ફાસ્ટેગ (FASTag) અનિવાર્ય બનશે

કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી **શ્રી નીતિન ગડકરી**એ આપેલ માહિતી અનુસાર **1 ડિસેમ્બર 2019**થી ભારતના તમામ ખાનગી અને વ્યવસાયિક વાહનો માટે **ફાસ્ટેગ (FASTag)** ફરજિયાત થઈ જશે. FASTagએ ભારતના જાહેર માર્ગો પર **ટોલ કલેક્શન** માટેની એક **ઈલેક્ટ્રોનિક પદ્ધતિ** છે. જેના દ્વારા ટોલ નાકા પર રોકાયા વગર જ વ્યક્તિના ખાતામાંથી ટોલ ચાર્જ આપો આપ કપાઈ જાય છે. આથી, ટોલ નાકા પર થતી લાંબી લાઈનો રોકી શકાય છે. FASTag માટે **રેડિયો-ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન (RFID) ટેક્નોલોજી**નો ઉપયોગ કરવામાં આવે છે. **National Highways Authority of India (NHAI)** દ્વારા FASTagનું સંચાલન કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા **1 ડિસેમ્બર 2019** સુધી **FASTags - RFID Sticker**નું વેચાણ **ફ્રીમાં** કરવામાં આવશે.

## ➤ રાજસ્થાનના શ્રી મયંક પ્રતાપ સિંહ ભારતના સૌથી યુવા જજ બન્યા

**રાજસ્થાન**ના **જયપુર**ના **21 વર્ષ**ના **શ્રી મયંક પ્રતાપ સિંહે** તાજેતરમાં **રાજસ્થાન ન્યાયિક સેવા પરીક્ષા** પાસ કરી છે. આ પરીક્ષા પાસ કરનાર તેઓ ભારતના સૌથી યુવાન વ્યક્તિ છે. આ પરીક્ષા પાસ કર્યા બાદ તેઓ **ભારતના સૌથી યુવા જજ** બની ગયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ મણિપુરના સુશ્રી લેશરામ સરિતા દેવી AIBA એથ્લેટિક્સ આયોગના સભ્ય તરીકે ચૂંટાયા

ભારતમાં **મણિપુરના** મહિલા બોક્સર **સુશ્રી લેશરામ સરિતા દેવી** **International Boxing Association (AIBA) એથ્લેટિક્સ આયોગના સભ્ય** તરીકે ચૂંટાઈ આવ્યા છે. AIBA એથ્લેટિક્સ આયોગમાં યુરોપમાંથી બે અને બાકીના ખંડોમાંથી એક એક સભ્યની પસંદગી કરવામાં આવી છે. જેમાં **સુશ્રી લેશરામ સરિતા દેવી એશિયાનું** પ્રતિનિધિત્વ કરશે. **મણિપુરમાં** જન્મેલા સુશ્રી એલ. સરિતા દેવી હાલ **મણિપુર પોલીસમાં DSP** તરીકે કાર્યરત છે. તેમને વર્ષ **2009માં અર્જુન એવોર્ડ** એનાયત થયો હતો.

## વિશ્વ

### ➤ FIFA અંડર 17 વર્લ્ડ કપ 2019માં બ્રાઝિલ ચેમ્પિયન

તાજેતરમાં **બ્રાઝિલ** ખાતે **18મા FIFA અંડર 17 ફૂટબોલ વર્લ્ડ કપ 2019નું** આયોજન થયું હતું. આ ફૂટબોલ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં **મેક્સિકોને** પરાજય આપીને **બ્રાઝિલે** આ વર્લ્ડ કપ **ચોથી વખત** જીતી લીધો છે. આ વર્લ્ડ કપનો પ્રારંભ **1985થી** થયો હતો. અત્યાર સુધીમાં **નાઈજીરિયાએ** સૌથી વધુ **પાંચ વખત** આ વર્લ્ડ કપ જીત્યો છે. **FIFAનું** પૂરું નામ **'Federation International de Football Association'** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

- નવેમ્બર 2019 દરમિયાન દક્ષિણ એશિયા સુરક્ષા શિખર સંમેલન 2019નું આયોજન કયાં થયું હતું ? – નવી દિલ્હી
- 2 ડિસેમ્બર, 2019ના રોજ ભારતીય નૌસેનાના પ્રથમ મહિલા પાયલટ કોણ બનશે ? – લેફ્ટનન્ટ શિવાંગી
- લેફ્ટનન્ટ શિવાંગી કયા રાજ્યના છે ? – બિહાર
- તાજેતરમાં ક્વાડ દેશોના આતંકવાદ વિરોધી પ્રથમ અભ્યાસનું કઈ જગ્યાએ આયોજન થયું હતું ? – નવી દિલ્હી
- નવેમ્બર 2019 દરમિયાન નવી દિલ્હી ખાતે કોના દ્વારા ક્વાડ દેશોના આતંકવાદ વિરોધી પ્રથમ અભ્યાસનું આયોજન થયું હતું ? – NIA (National Investigation Agency)
- ક્વાડ દેશોના સભ્યોમાં કેટલા દેશોનો સમાવેશ થાય છે ? – ચાર
- ક્વાડ દેશોમાં કયા ચાર દેશોનો સમાવેશ થાય છે ? – ભારત, જાપાન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા
- તાજેતરમાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં ભારતમાં કઈ જગ્યાએ રાષ્ટ્રીય સોરા રિગ્પા સંસ્થા (National Institute of Sowa Rigpa)ની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી છે ? – લેહ (લદ્દાખ)
- તાજેતરમાં ચર્ચામાં રહેલ 'સોરા રિગ્પા' શું છે ? – એક ઉપચાર અથવા તો દવા પદ્ધતિ
- કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી શ્રી નીતિન ગડકરીએ કરેલી જાહેરાત અનુસાર ભારતમાં તમામ ખાનગી અને વ્યવસાયિક વાહનો માટે ફાસ્ટેગ (FASTag) ક્યારથી અનિવાર્ય બનશે ? – 1 ડિસેમ્બર, 2019

- ભારતમાં FASTag માટે કઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે ?
  – Radio Frequency Identification (RFID)
- ભારતમાં FASTagનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે ?
  – National Highways Authority of India (NHAI)
- તાજેતરમાં ભારતના સૌથી યુવા જજ બનવાની સિદ્ધિ કોણે મેળવી છે ? – શ્રી મયંક પ્રતાપ સિંહ
- તાજેતરમાં ચર્ચામાં રહેલ શ્રી મયંક પ્રતાપ સિંહ કયા રાજ્યના છે ? – રાજસ્થાન
- AIBA એથ્લેટિક્સ આયોગના સભ્ય તરીકે અથવા તો એશિયા ખંડના સભ્ય તરીકે કયા ભારતીય ખેલાડી ચૂંટાઈ આવ્યા છે ? – સુશ્રી લેશરામ સરિતા દેવી
- સુશ્રી એલ. સરિતા દેવી કઈ રમત સાથે સંકળાયેલા છે ? – બોક્સિંગ
- સુશ્રી એલ. સરિતા દેવી કયા રાજ્યના છે ? – મણિપુર
- FIFA અંડર 17 ફૂટબોલ વર્લ્ડ કપ 2019નું આયોજન કયાં થયું હતું ? – બ્રાઝિલ
- FIFA અંડર 17 ફૂટબોલ વર્લ્ડ કપ 2019 વિજેતા દેશનું નામ શું છે ? – બ્રાઝિલ
- બ્રાઝિલે કોને પરાજય આપીને FIFA અંડર 17 વર્લ્ડ કપ ચોથી વખત જીતી લીધો છે ? – મેક્સિકો

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. સંસ્કૃત ભારતી સંગઠન દ્વારા તાજેતરમાં નવી દિલ્હી ખાતે 'સંસ્કૃત વિશ્વ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું... આ સંમેલનમાં સંસ્કૃત ભારતી સંગઠનના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
   – ગુજરાતની સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ગોપબંધુ મિશ્રની
2. કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન દ્વારા કયા પુસ્તકને હાસ્યના શ્રેષ્ઠ પુસ્તક તરીકે 'શ્રી બકુલ ત્રિપાઠી એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે ? – હાસ્યમ પરમ ધીમહી (શ્રી નટવર પંડયાનું પ્રથમ પુસ્તક)
3. નર્મદ સાહિત્ય સભા, સુરત દ્વારા હાસ્યના શ્રેષ્ઠ પુસ્તક માટે તાજેતરમાં કયા પુસ્તકને 'શ્રી જ્યોતીન્દ્ર દવે એવોર્ડ' એનાયત થયો છે ?
   – હાસ્યમ પરમ ધીમહી (શ્રી નટવર પંડયાના આ પુસ્તકને તાજેતરમાં હાસ્યના 'શ્રી બકુલ ત્રિપાઠી એવોર્ડ' અને 'શ્રી જ્યોતીન્દ્ર દવે એવોર્ડ' એમ કુલ બે એવોર્ડ એનાયત થયા છે)

4. ‘હાસ્યમ પરમ ધીમહી’ પુસ્તકના લેખકનું નામ શું છે ? – શ્રી નટવર પંડયા

5. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં પાન નંબરની જગ્યાએ આધાર નંબર આપવાની છૂટ આપવામાં આવી છે... પરંતુ જ્યાં આવક વેરા ખાતાના નિયમો મુજબ પાન નંબર આપવો ફરજિયાત હોય ત્યાં પાન નંબરની જગ્યાએ ખોટો આધાર નંબર આપવા બદલ કેટલા રૂપિયાના દંડની જોગવાઈ કરવામાં આવી છે ? – રૂ. 10,000

6. ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે દર વર્ષે કયારે પંદર દિવસ સુધી મેળો યોજાય છે ?– કાર્તિકી પૂર્ણિમા

7. ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં આવેલા કયા કુંડમાં સ્નાનનું વિશેષ મહત્ત્વ છે ? – નાગધરા કુંડ

8. નાગધરા કુંડ કઈ નદીમાં અથવા તો કઈ નદીના કિનારે આવેલો છે ? – મેશ્વો

9. પ્રસિદ્ધ તિર્થધામ શામળાજી ગુજરાતના કયા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?
– અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં

10. તાજેતરમાં ભારતમાં કઈ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ફી વધારો અને ડ્રેસકોડના મુદ્દે વ્યાપક દેખાવો કર્યા હતા ?
– શ્રી જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU), નવી દિલ્હી

11. ટી-20 ક્રિકેટમાં હેટ્રીક લેનાર પ્રથમ ભારતીય ક્રિકેટરનું નામ શું છે ? – શ્રી દીપક ચહર

12. તાજેતરમાં ભારતના નાગપુર ખાતે યોજાયેલી કયા દેશ સામેની ટી-20 મેચમાં હેટ્રીક ઝડપીને ભારતના શ્રી દીપક ચહરે ટી-20 ક્રિકેટમાં હેટ્રીક લેનાર પ્રથમ ભારતીય ક્રિકેટર બનવાની સિદ્ધિ મેળવી છે ? – બાંગ્લાદેશ

13. શ્રી દીપક ચહર કયા રાજ્યના ક્રિકેટર છે ? – ઉત્તરપ્રદેશ

14. પોતાના રાજ્યના મહેસૂલ વિભાગની તમામ કામગીરી ઓનલાઈન કરનાર ભારતના પ્રથમ રાજ્યનું નામ શું છે ?
– ગુજરાત

15. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં કઈ જગ્યાએ ‘મહેસૂલમાં ક્રાંતિ માર્ગદર્શન સમારોહ’નું આયોજન થયું હતું ? – મહાત્મા મંદિર, ગાંધીનગર

16. ભારતીય ટેસ્ટ ઈતિહાસની સૌપ્રથમ ડે–નાઈટ ટેસ્ટ મેચ કયા સ્ટેડિયમ પર રમાઈ છે ?– ઈડન ગાર્ડન (કોલકાતા)

17. ભારતીય ટેસ્ટ ઈતિહાસની પ્રથમ ડે–નાઈટ ટેસ્ટ મેચનો ઘંટ વગાડીને કોણે શુભારંભ કરાવ્યો હતો ?
– બાંગ્લાદેશના વડાપ્રધાન સુશ્રી શેખ હસીના અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુશ્રી મમતા બેનર્જી

18. ભારતના ટેસ્ટ ઈતિહાસની પ્રથમ ડે–નાઈટ ટેસ્ટ મેચ કયા રંગના બોલથી રમાઈ હતી ?
– પિન્ક (પિન્ક બોલથી રમાયેલી આ ભારતની પ્રથમ ટેસ્ટ મેચ હતી)

19. ગુજરાતમાં મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોની મુસાફરી માટે આશરે રૂ. 191 કરોડના ખર્ચે કેનેડાથી ખરીદાયેલું કયું વિમાન અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યું છે ? – બોમ્બાર્ડિયર ચેલેન્જર 650

20. ટેસ્ટ મેચમાં કેપ્ટન તરીકે 5000 રન બનાવનાર ભારતના પ્રથમ ક્રિકેટર કોણ છે ? – શ્રી વિરાટ કોહલી

21. ટેસ્ટ મેચમાં કેપ્ટન તરીકે સૌથી ઝડપી 5000 રન બનાવનાર વિશ્વના પ્રથમ ક્રિકેટર કોણ છે ?
– શ્રી વિરાટ કોહલી (બાંગ્લાદેશ સામેની મેચમાં કેપ્ટન તરીકેની પોતાની 53મી ટેસ્ટની 86મી ઈનિંગમાં ઓસ્ટ્રેલિયાના શ્રી રિકી પોન્ટિંગનો રેકોર્ડ તોડીને તેમણે આ સિદ્ધિ મેળવી છે. શ્રી રિકી પોન્ટિંગે કેપ્ટન તરીકેની 97મી ઈનિંગમાં 5000 રન પૂરા કર્યા હતા.)

22. નવેમ્બર 2019 દરમિયાન શ્રીલંકાના નવા વડાપ્રધાન તરીકે કોણે શપથ લીધા છે ? – શ્રી મહિન્દ્રા રાજપક્સા

23. શ્રી મહિન્દ્રા રાજપક્સા કોના સ્થાને શ્રીલંકાના નવા વડાપ્રધાન બન્યા છે ? – શ્રી રાનીલ વિક્રમસિંઘે

24. 30 એપ્રિલ 2019 સુધીમાં જેમણે ઈરાદાપૂર્વક બેંકોને લોન પૂરી કરી નથી તેવી 30 કંપનીઓના નામ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ જાહેર કર્યા છે. આ 30 કંપનીઓમાં સૌથી વધુ આશરે રૂ. 5044 કરોડ જેટલી રકમ બેન્કોને કઈ કંપની પાસેથી લેવાની નીકળે છે ?

– ગીતાંજલી જેમ્સ લિમિટેડ

25. ભારતમાં ઈ–સિગારેટ પર પ્રતિબંધ મૂકવા માટે લોકસભામાં રજૂ કરાયેલા ખરડામાં ઈ–સિગારેટ વેચવા, રાખવા કે તેની જાહેરાત કરવા બદલ કઈ સજાની જોગવાઈ કરવામાં આવી છે ? – 3 વર્ષ સુધીની કેદ અને રૂ. 5 લાખ સુધીનો દંડ

26. WHO દ્વારા પ્રસિદ્ધ થયેલા કિશોરોની શારીરિક સક્રિયતા અંગેના રિપોર્ટ અનુસાર વિશ્વના 146 દેશોમાં કયા દેશના કિશોરો શારીરિક રીતે સૌથી વધુ સક્રિય છે ? – બાંગ્લાદેશ

27. WHO દ્વારા પ્રસિદ્ધ થયેલા કિશોરોની શારીરિક સક્રિયતા અંગેના રિપોર્ટમાં વિશ્વના 146 દેશોમાં કયા દેશના કિશોરો શારીરિક રીતે સૌથી ઓછા સક્રિય છે ? – દક્ષિણ કોરિયા

28. WHO દ્વારા પ્રસિદ્ધ થયેલા કિશોરોની શારીરિક સક્રિયતા અંગેના રિપોર્ટમાં વિશ્વના 146 દેશોમાં ભારતના કિશોરો કયા ક્રમે છે ? – સાતમા

29. જેની સામે ઈન્સોલ્વન્સી કોડ હેઠળ કાર્યવાહી થનાર છે એવી ભારતની પ્રથમ નાણાંકીય કંપની કઈ છે ?

– DHFL (Dewan Housing Finance Corporation)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

30. ભારતની વસતી ગણતરી 2021 માટે ગુજરાતમાં પ્રથમ તબક્કાની વસતી ગણતરીનો પ્રારંભ કયારથી થશે ?

– મે–જૂન 2020થી

31. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામેની પાંચ મેચોની ટી-20 સીરિઝ કેટલા અંતરથી જીતી લીધી છે ?

– 5-0

32. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ જંગી બોજા હેઠળ દબાયેલી ભારતની કઈ નાણાંકીય સંસ્થાના બોર્ડ ઓફ ડાયરેક્ટરને સસ્પેન્ડ કરીને તેની વિરુદ્ધ નાદારીની પ્રક્રિયા શરૂ કરી છે ? – DHFL (દીવાન હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન)

33. 'ફોર્ચ્યુન બિઝનેસ પર્સન ઓફ ધ યર' તરીકે ભારતીય મૂળના કયા CEOની પસંદગી કરવામાં આવી છે ?

– શ્રી સત્યા નડેલા (Microsoftના CEO)

34. તાજેતરમાં જાહેર થયેલી 'ફોર્ચ્યુન બિઝનેસ પર્સન ઓફ ધ યર 2019'ની યાદીમાં ભારતીય મૂળના કયા CEO પ્રથમ ક્રમે છે ? – શ્રી સત્યા નડેલા (માઈક્રોસોફ્ટના CEO)

35. માઈક્રોસોફ્ટના વર્તમાન (23 નવેમ્બર 2019ની સ્થિતિએ) CEO કોણ છે ? – શ્રી સત્યા નડેલા

36. નવેમ્બર 2019 દરમિયાન નવી દિલ્હી ખાતે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતમાં ડુંગળીના ભાવ અંકુશમાં લાવવા માટે કેટલા ટન ડુંગળીની આયાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે ? – 1.2 લાખ ટન

37. 20 નવેમ્બર 2019ના રોજ બે પૃથ્વી-2 મિસાઈલનું કયાંથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?

– અબ્દુલ કલામ આઈલેન્ડ, ચાંદીપુર, ઓડિશા

38. પૃથ્વી-2 મિસાઈલની રેન્જ કેટલા કિમી સુધીની છે ? – 250થી 350

39. પરમાણુ સક્ષમ પૃથ્વી-2 મિસાઈલની પ્રહાર ક્ષમતા કયા પ્રકારની છે ?– જમીનથી જમીન (Surface to Surface)

40. પૃથ્વી-2 મિસાઈલ કયા પ્રકારની મિસાઈલ છે ?

– શોર્ટ રેન્જ બેલિસ્ટિક મિસાઈલ (20 નવેમ્બર 2019ના રોજ બે પૃથ્વી-2 મિસાઈલનું રાત્રે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. એ અગાઉ 16 નવેમ્બર 2019ના રોજ અગ્નિ-2 મિસાઈલનું પણ રાત્રે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાંથી અગ્નિ-2 મિસાઈલનું પ્રથમ રાત્રી પરીક્ષણ હતું.)

41. નવેમ્બર 2019 દરમિયાન ભારત દ્વારા કઈ મિસાઈલનું સૌપ્રથમ વખત રાત્રી પરીક્ષણ કરવામાં આવ્યું હતું ?

– અગ્નિ-2

42. નવેમ્બર 2019 દરમિયાન ભારતની કઈ કંપની બ્રિટનની બ્રિટિશ પેટ્રોલિયમને પાછળ રાખીને માર્કેટકેપની દષ્ટિએ વિશ્વની છઠ્ઠા નંબરની સૌથી મોટી ઓઈલ કંપની બની ગઈ હતી ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ

43. નવેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં ગીરના જંગલથી 200 કિમી દૂર કયા પંથકમાં છેલ્લા 150 વર્ષોમાં પ્રથમ વખત સિંહ જોવા મળ્યા હતા ? – સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા–સાયલા પંથકના રામપરા, ઢેઢુકી ગામ વિસ્તારમાં

44. તાજેતરમાં કયા દેશે ઈન્ટરનેટથી અલગ પોતાના દેશનું નવું નેટવર્ક શરૂ કરવાની મંજૂરી આપી છે ? – રશિયા

45. રશિયા દ્વારા ઈન્ટરનેટથી અલગ પોતાના દેશનું કયું નવું નેટવર્ક તૈયાર કરવામાં આવી રહ્યું છે ? – રૂનેટ

46. ચાલુ મેચે સાથી ક્રિકેટર પર હુમલો કરવા બદલ કયા ક્રિકેટર પર પાંચ વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ?

– શ્રી શહાદત હોસૈન (બાંગ્લાદેશ)

47. નવેમ્બર 2019 દરમિયાન કયા ક્રિકેટરે 30 બોલમાં 91 રન ફટકારીને ટી-10માં સૌથી વધુ સ્કોર કરવાનો રેકોર્ડ બનાવ્યો છે ? – શ્રી ક્રિસ લીન (ઓસ્ટ્રેલિયા)

48. આંતરરાષ્ટ્રીય ટેનિસ ફેડરેશને (ITFએ) પાકિસ્તાનમાં રમાનાર ભારત અને પાકિસ્તાન વચ્ચેની ડેવિસ કપ ટાઈ (અથવા તો મેચ) પાકિસ્તાન બહાર કઈ જગ્યાએ રમાડવાનો નિર્ણય કર્યો છે ?

– કઝાખસ્તાનની રાજધાની નૂરસુલ્તાનમાં

49. કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા હાલ ગુજરાતમાં પ્રતિ ક્વિન્ટલ કેટલા રૂપિયાના ભાવથી કપાસની ખરીદી કરવામાં આવી રહી છે ? – રૂ. 5500

50. 18 નવેમ્બર 2019ના રોજ ભારતની કઈ કંપની 9.5 લાખ કરોડની માર્કેટ કેપ પાર કરનારી ભારતની પ્રથમ કંપની બની છે ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ

51. સ્પીડ પોસ્ટ મોડી મોકલવા બદલ કઈ ગ્રાહક અદાલતે પોસ્ટ વિભાગને રૂ. 5 લાખનો દંડ કર્યો છે ?

– રાજકોટ ગ્રાહક અદાલત

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

52. વર્ષ 2019નું ઈન્દીરા ગાંધી શાંતિ પારિતોષિક કોને એનાયત થયું છે ? – સર ડેવિડ એટનબરો (બ્રિટનના પ્રસિદ્ધ પ્રકૃતિ વિજ્ઞાની)

53. 18 નવેમ્બર 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી કઈ જગ્યાએ યોજાયેલા 'આહીર શૌર્ય દિવસ'ના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા ? – રેસકોર્સ ગ્રાઉન્ડ, રાજકોટ

54. તાજેતરમાં ભારત અને નેપાળ વચ્ચે કયા વિસ્તાર અંગે વિવાદ થયો છે ? – કાલાપાની વિસ્તાર

55. તાજેતરમાં કયા દેશના રાષ્ટ્રપતિના કાફલામાં ભારતની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા કંપનીના પિજોટ સ્કૂટરને સામેલ કરવામાં આવ્યું છે ? – ફ્રાન્સ

56. નવેમ્બર 2019 દરમિયાન ભારતની રાજ્યસભાનું કેટલામું સત્ર શરૂ થયું છે ? – 250મું

57. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર અમેરિકામાં અભ્યાસ કરવા આવતા વિદેશીઓમાં સંખ્યાની દષ્ટિએ સૌથી વધુ વિદ્યાર્થીઓ કયા દેશના હોય છે ? – ચીન

58. અમેરિકામાં અભ્યાસ કરવા જતા વિદેશી વિદ્યાર્થીઓમાં સૌથી વધુ સંખ્યાની દષ્ટિએ ભારતના વિદ્યાર્થીઓનો ક્રમ કયો છે ? – ચીન પછી બીજો

59. 18 નવેમ્બર 2019ના રોજ પાકિસ્તાને કઈ મિસાઈલનું પરીક્ષણ કર્યું છે ? – શાહીન-1

60. એમેઝોનના CEO શ્રી જેફ બેઝોસ સાથે ભારતીય મૂળના કયા વ્યક્તિને પ્રતિષ્ઠિત 'નેશનલ પોર્ટ્રેટ ગેલેરી'માં સ્થાન મળ્યું છે ? – સુશ્રી ઈન્દ્રા નૂઈ (પેપ્સિકોના પૂર્વ અધ્યક્ષ)

61. તાજેતરમાં કયા દેશમાંથી 3000 વર્ષ જૂનું બેજેરા નામનું એક શહેર મળી આવ્યું છે કે જેમાં સિકંદરના અવશેષ મળવાની સંભાવના છે ? – પાકિસ્તાન (પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા વિસ્તારમાંથી)

62. ટેબલ ટેનિસની રમતમાં ઈન્ડોનેશિયા ઓપનમાં મેન્સ સિંગલ્સ ટાઈટલ જીતીને એશિયાની ભૂમિ પર પ્રો ટુર ટાઈટલ જીતનાર સૌપ્રથમ ભારતીય બનવાનો રેકોર્ડ સર્જનાર ખેલાડી કોણ છે ? – શ્રી હરમીત દેસાઈ (ગુજરાત)

63. 'ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ એથ્લેટિક્સ ફેડરેશન' (IAAF)નું નામ બદલીને હવે શું રાખવામાં આવ્યું છે ? – **World Athletics**

64. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ એશિયન ગેમમાં ગોલ્ડ મેડલ વિજેતા કયા ગુજરાતી ખેલાડીને રૂ. 1 કરોડનો ચેક અર્પણ કર્યો છે ? – સુશ્રી સરિતા ગાયકવાડ

65. કયા ભારતીય ખેલાડીને પરાજય આપીને ગુજરાતના હરમીત દેસાઈએ ઈન્ડોનેશિયા ઓપનનું મેન્સ સિંગલ્સનું ટાઈટલ જીત્યું છે ? – શ્રી અમલરાજ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.